## પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/નાતાલ જાહેરનામું/૩૯ /૨૦૨૧ તા.૨૯/૧૨/૨૦૨૧

ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩

---

### સુધારા જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩( ૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કમલ ૩૩(૧)(b), કલમ ૩૩(૧)(U) મુજબ

સુધારા જાહેરનામું-૧

વંચાણે લીધા: (૧) અત્રેના તા.૨૧/૧૨/૨૦૨૧ ના જાવક ક્રમાંક.ગ/ઉપક/નાતાલ જાહેરનામું/૨૮/૨૦૨૧ તા.૨૧/૧૨/૨૦૨૧ અન્વયે.

(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના પત્ર ક્રમાંક.વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૨૪/૧૨/૨૦૨૧ અન્વયે.

ઉપરોક્ત આમુખ-૧માં દર્શાવેલ અત્રેની કચેરીના જાહેરનામાથી ફટાકડાનું ઉત્પાદન/વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે તથા નવા વર્ષની ઉજવણી બાબતે જરૂરી સુચનાઓ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

સરકારશ્રીના ઉપરોક્ત આમુખ-૨ માં દર્શાવેલ હુકમથી તા.૨૫/૧૨/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ સુધી રાત્રીના કલાક ૧૧:૦૦ થી સવારના ૦૫:૦૦ સુધી રાત્રી કરફ્યુનો અમલ કરવા આદેશ કરેલ છે. જેથી ઉપરોક્ત આમુખ-૧ ના જાહેરનામાથી બહાર પાડેલ સુચના નં.-૧ "નાતાલ (ક્રિસમસ) ઉજવણી તા:૨૪/૧૨/૨૦૨૧ ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૨૫/૧૨/૨૦૨૧ ના કલાક ૦૦:૩૦ તથા નવા વર્ષની ઉજવણી અંતર્ગત તા:૩૧/૧૨/૨૦૨૧ ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૦૧/૦૧/૨૦૨૨ ના કલાક ૦૦:૩૦ સુધીમાં જ ફટાકડા ફોડી શકાશે." તે મુજબ કરેલ જોગવાઈ આથી રદ કરવામાં આવેલ છે અને ઉપરોક્ત સમય દરમ્યાન ફટાકડા ફોડવા પર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

આજ રોજ તારીખ :૨૯/૧૨/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧,૨/ક્રાઈમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ઈન્ટે.), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી તથા લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં )
(૨૩) પો.ઈન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૪) પો.ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૫) પો.સબ.ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.
(૨૬) C.P. Ahmedabad website, twitter handle, Facebook page વિગેરે Social Media ઉપર પ્રસિધ્ધ થવા બાબત.